# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 16-04-2024 Morning : 7.45 to 7.55

Day : Tuesday National News

**આકાશવાણી સમાચાર કરણ મકવાણા વાંચે છે.**

***************************************************

- લોકસભાની ચૂંટણીના પ્રથમ તબક્કાના આડે હવે માત્ર બે દિવસ બાકી છે ત્યારે તમામ રાજકીય પક્ષોના સ્ટાર પ્રચારકો તેમના ઉમેદવારોની તરફેણમાં જોરશોરથી ચુંટણી પ્રચાર કરી રહ્યા છે.
- આતંકવાદ વિરોધી લડત માટેની ભારત ફ્રાન્સ સંયુક્ત કાર્યકારી જૂથની બેઠક ગઈકાલે નવીદિલ્હી ખાતે યોજાઈ
- ભારતીય સેનાના વડા જનરલ મનોજ પાંડે આજથી ઉઝબેકિસ્તાનની 4 દિવસીય મુલાકાતે જશે – સંરક્ષણ સહયોગ અંગે મંત્રણા કરશે
- સર્વોચ્ચ અદાલતે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની અરજી પર પ્રવર્તન નિદેશાલય (ED)ને નોટિસ પાઠવી છે.
- ભારતીય હવામાન વિભાગે ચાલુ વર્ષે ચોમાસું સરેરાશ કરતાં સારું રહેવાની આગાહી કરી છે
- આઈપીએલમાં ગઈકાલે સનરાઈઝર્સ હૈદરાબાદે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને 25 રને હરાવ્યું

***********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# ELECTION

લોકસભાની ચૂંટણીના પ્રથમ તબક્કાના આડે હવે માત્ર બે દિવસ બાકી છે ત્યારે તમામ રાજકીય પક્ષોના સ્ટાર પ્રચારકો તેમના ઉમેદવારોની તરફેણમાં ચુંટણી પ્રચાર કરી રહ્યા છે. પ્રધાનમંત્રી અને ભજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ ગઈકાલે તમિલનાડુના તિરુનેલવેલીમાં એક જાહેર રેલીને સંબોધી હતી. તેમણે કહ્યું કે એનડીએ સરકાર હંમેશા તમામ ક્ષેત્રોમાં દેશનો વિકાસ કરવા ઉત્સુક છે. અગાઉ શ્રી મોદીએ કેરળના અલાથુર મતવિસ્તારમાં એક જાહેર સભાને સંબોધિત કરી હતી.

બીજી તરફ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પણ ગઈકાલે સાંજે કોઝિકોડમાં એક રેલીને સંબોધી હતી. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ભાજપ પર ચૂંટણી બોન્ડ યોજનાનો દુરુપયોગ કરવાનો અને પાર્ટીને દાન આપનાર કંપનીઓને વિવિધ પ્રોજેક્ટ આપવા માટે તેનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો છે. આ ઉપરાંત શ્રી ગાંધી એ સુલતાન બેટરી, પુલ્પલ્લી અને માનંતવડી ખાતે રોડ શોમાં ભાગ લીધો હતો..

ઉત્તર પ્રદેશમાં લોકસભા ચૂંટણીનો પ્રચાર વેગવાન બન્યો છે. વિવિધ રાજકીય પક્ષોના વરિષ્ઠ નેતાઓ પોતપોતાના ઉમેદવારોના સમર્થનમાં જાહેર સભાઓ અને રેલીઓ કરી રહ્યા છે.

બિહારમાં લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કાનો પ્રચાર જમુઈ, નવાદા, ગયા અને ઔરંગાબાદમાં ચરમસીમાએ પહોંચ્યો છે.

રાજસ્થાનમાં લોકસભાની 12 બેઠકો માટે પ્રથમ તબક્કાની ચૂંટણીના પ્રચારમાં હવે માત્ર બે દિવસ બાકી છે, ત્યારે તમામ રાજકીય પક્ષો અને અપક્ષ ઉમેદવારોએ જોરશોર થી ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે

પશ્ચિમ બંગાળમાં, તૃણમૂલ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કૂચ બિહાર સંસદીય મતવિસ્તારમાં રાસલીલા મેદાન ખાતે જાહેર રેલીને સંબોધિત કરી હતી. કૂચ બિહાર જિલ્લાના દિનહાટા ખાતે એક જાહેર સભાને સંબોધિત કરતા, ભાજપના નેતા સુવેન્દુ અધિકારીએ મુખ્યમંત્રી મમતા બેનર્જી પશ્ચિમ બંગાળના સામાન્ય લોકોને નાગરિકતા સંશોધન કાયદા વિશે ગેરમાર્ગે દોરી રહ્યા હોવાનો આરોપ લગાવ્યો હતો .

મણિપુરમાં ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે ગઈકાલે ઈમ્ફાલમાં ચૂંટણી રેલીને સંબોધિત કરી હતી.. રેલીને સંબોધતા શ્રી શાહે કહ્યું કે પૂર્વોત્તર ભારતનો વિકાસ ભાજપ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રાથમિકતા છે. શ્રી શાહે લોકોને ખાતરી પણ આપી હતી કે નરેન્દ્ર મોદી સરકાર તમામ હિતધારકો સાથે વાતચીત કરશે અને મણિપુરમાં ટૂંક સમયમાં સામાન્ય સ્થિતિ લાવશે.

દરમિયાન, કોંગ્રેસ પક્ષે કહ્યું છે કે ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર રાજ્યમાં શાંતિ લાવશે તેવી લોકોને ખાતરી આપવા છતાં આજ દિન સુધી મણિપુરમાં સામાન્ય સ્થિતિ લાવી શકી નથી.

# BIHAR-PM-VISIT.rtf

બિહારમાં NDAના ઉમેદવારોના સમર્થનમાં પ્રધાનમંત્રી  અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદી આજે ગયા અને પૂર્ણિયામાં બે જાહેરસભાઓને સંબોધશે. તેઓ  ગયા ખાતે ગાંધી મેદાનમાં જાહેર સભાને સંબોધશે. બીજી જાહેર સભા પૂર્ણિયાના રંગભૂમિ મેદાનમાં યોજાશે.

પ્રધાનમંત્રીના કાર્યક્રમને ધ્યાનમાં રાખીને ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. લોકસભા ચૂંટણીની જાહેરાત બાદ પ્રધાનમંત્રીની બિહારની આ ત્રીજી મુલાકાત છે.

પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદી આસામમાં NDAના ઉમેદવારોના પ્રચાર માટે આજે સાંજે ગુવાહાટી પહોંચશે.. શ્રી મોદી આવતીકાલે નલબારીમાં એક રેલીને સંબોધિત કરશે. કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી આજે જોરહાટમાં પાર્ટીના ઉમેદવાર ગૌરવ ગોગોઈ માટે રોડ શો કરશે.

ટીએમસી વડા અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી પણ આ અઠવાડિયે બરાક ઘાટીમાં પ્રચાર કરશે. આસામમાં લોકસભાની 14 બેઠકો માટે ત્રણ તબક્કામાં મતદાન થવાનું છે..

# RAJNATH SINGH CAMPAIGNING

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આજે તામિલનાડુમાં એક જાહેર રેલીને સંબોધશે. તેઓ રાજ્યના કૃષ્ણાગિરી અને તિરુવન્નામલાઈમાં રોડ શો પણ કરશે.

અગાઉ, તેમણે જમ્મુના કઠુઆ જિલ્લામાં એક ચૂંટણી રેલીને સંબોધતા તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત તમામ મોરચે વિશ્વના સૌથી મજબૂત દેશ તરીકે ઉભરી આવ્યું છે. તેમણે આરોપ લગાવ્યો કે જમમુકાશ્મીરના પ્રાદેશિક પક્ષો અને કોંગ્રેસે પોતાના રાજકીય ફાયદા માટે “કલમ 370 નો દુરુપયોગ” કર્યો હતો ..

# INDIA - FRANCE - TERRORISM

આંતકવાદ વિરોધી લડત માટેની ભારત-ફ્રાન્સ સંયુક્ત કાર્યકારી જૂથની 16મી બેઠક ગઈકાલે નવી દિલ્હીમાં યોજાઈ ગઈ. બેઠક દરમિયાન, બંને દેશોએ આતંકવાદીઓ દ્વારા કરાતો નવી અને ઉભરતી તકનીકોનો ઉપયોગ, આતંકવાદી હેતુઓ માટે ઈન્ટરનેટનો દુરુપયોગ સહિત આતંકવાદ વિરોધી પડકારોનું મૂલ્યાંકન કર્યું હતું.

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, ભારત વિરોધી અલગતાવાદી પ્રવૃત્તિઓ, અને આતંકવાદી ધિરાણનો સામનો કરવા પર પણ ચર્ચા કરવામાં આવી હતી . બંને પક્ષોએ પોતપોતાના ક્ષેત્રોમાં આતંકવાદી ખતરા અંગે પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું.

# CHIEF-OF-ARMY-STAFF--UZBEKISTAN.rtf

ભારતીય સેનાના વડા જનરલ મનોજ પાંડે ઉઝબેકિસ્તાનની 4 દિવસની મુલાકાતે છે. તેમની આ મુલાકાતનો હેતુ બંને દેશો વચ્ચેના સંરક્ષણ સહયોગને મજબૂત કરવાનો છે. તેઓ મુલાકાત દરમ્યાન ઉઝબેકિસ્તાનના ટોચના સૈન્ય અધિકારીઓ સાથે વાતચીત કરશે. આગામી 18મી એપ્રિલે ટર્મેઝ ખાતે બંને દેશોના સશસ્ત્ર દળો વચ્ચેની સંયુક્ત કવાયત ડસ્ટલિકના તેઓ સાક્ષી બનશે. બંને પક્ષો સૈન્ય પડકારોને વધુ અસરકારક રીતે ઉકેલવા માટે સૈન્ય અને સંરક્ષણ સહયોગને નવી ઊંચાઈએ લઈ જવાના માર્ગો પર મંત્રણા કરશે.

મંત્રણા દરમિયાન યુક્રેન સંઘર્ષ સાથે આતંકવાદના મુદ્દે પણ ચર્ચા કરવામાં આવે તેવી શકયતા છે. ઉલ્લેખનીય છે કે આતંકવાદીઓના આશ્રયસ્થાનો અને તેના નેટવર્કને નષ્ટ કરવા માટે બંને દેશો વચ્ચે પહેલેથી જ વ્યાપક સહયોગ છે..

# SC- KEJRIWAL

સર્વોચ્ચ અદાલતે  દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની અરજી પર પ્રવર્તન નિદેશાલય (ED)ને નોટિસ પાઠવી છે. કેજરીવાલે કથિત દિલ્હી એક્સાઈઝ પોલિસી કૌભાંડ કેસમાં EDની કસ્ટડીમાંથી મુક્ત કરવાની માંગ કરતી આ અરજી દાખલ કરી હતી.  સર્વોચ્ચ અદાલત 29 એપ્રિલે આ કેસની ફરી સુનાવણી કરશે. કોર્ટે EDનો જવાબ મેળવતા પહેલા વચગાળાની મુક્તિ માટેની તેમની અરજી પર વિચાર કરવાનો ઇનકાર કર્યો હતો. જસ્ટિસ સંજીવ ખન્ના અને દીપાંકર દત્તાની બેન્ચે આ કેસની સુનાવણી દરમિયાન આ આદેશ આપ્યો હતો.

આ સાથે દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે મુખ્યમંત્રીની ન્યાયિક કસ્ટડી 23 એપ્રિલ સુધી વધારી દીધી છે. સુનાવણી દરમિયાન કેજરીવાલ વર્ચ્યુઅલ કોન્ફરન્સ દ્વારા કોર્ટમાં હાજર થયા હતા. આ સમય દરમિયાન, કોર્ટે એક્સાઇઝ પોલિસી કૌભાંડમાં સહ-આરોપી કવિતાની ન્યાયિક કસ્ટડી પણ 23 એપ્રિલ સુધી લંબાવી હતી.

કેજરીવાલની 21મી માર્ચે ED દ્વારા ધરપકડ કરવામાં આવી હતી હાલમાં તે તિહાર જેલમાં રિમાન્ડ પર છે..

# IMD _ IND

ભારતીય હવામાન વિભાગે આગામી 21મી તારીખ સુધી ઉત્તરપૂર્વ ભારતમાં હળવાથી મધ્યમ વરસાદ સાથે વાવાઝોડાંની આગાહી કરી છે. આગામી 6 દિવસ દરમિયાન અરુણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયના ભાગોમાં આ સ્થિતિ પ્રવર્તશે. ઉત્તર ભારતમાં, આગામી 18મીથી 21મી સુધી જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના કેટલાક વિસ્તારોમાં તોફાની પવન સાથે વરસાદ અને બરફ વર્ષાની આગાહી કરી છે.

આગામી બે દિવસ સુધી હરિયાણા, દિલ્હી અને ઉત્તર પ્રદેશમાં 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. આ દરમ્યાન કેરળ, તમિલનાડુ, પુડુચેરી, કર્ણાટક, આંધ્રપ્રદેશ અને લક્ષદ્વીપમાં હળવાથી મધ્યમ વરસાદ અને વાવાઝોડાંની આગાહી કરાઇ છે . પશ્ચિમ બંગાળ, ઓડિશા, ગોવા, ગુજરાત અને કર્ણાટકમાં આજે અને આવતીકાલે ગરમ અને ભેજવાળું હવામાન રહેશે.

# IMD _ IND _WEATHER

ખેડૂતો માટે સારા સમાચાર છે. આ વર્ષે દેશમાં ચોમાસું સામાન્ય કરતાં સારું રહેવાની આગાહી ભારતીય હવામાન વિભાગે વ્યક્ત કરી છે. પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના સચિવ ડૉ. એમ. રવિન્દ્રને આજે દિલ્હીમાં પત્રકારોને સંબોધતા કહ્યું કે ઉત્તર પશ્ચિમી, પૂર્વીય અને પૂર્વોત્તર રાજ્યોનાં કેટલાંક ભાગોમાં સામાન્યથી ઓછો વરસાદ થઈ શકે છે.

ભારતીય હવામાન વિભાગના મહાનિર્દેશક મૃત્યુંજય માહાપાત્રાએ કહ્યું કે પહેલી જૂને 30 ડીસેમ્બર સુધી દેશભરમાં સરેરાશ 87 સેન્ટિમીટર જેટલો વરસાદ થવાની શક્યતા છે. વધુમાં તેમણે ઉમેર્યું...ચોમાસાના શરુઆતી દિવસોમાં અલ-નીનોની સ્થિતિ નબળી રહી શકે છે. જ્યારે કે ઑગસ્ટથી સપ્ટેમ્બર દરમિયાન લા-નીનોની સ્થિતિ સારી રહેશે. જેને કારણે ચોમાસું સારું રહેવાના આસાર છે..

# IPL-CRICKET.rtf

આઈપીએલમાં ગઈકાલે સનરાઈઝર્સ હૈદરાબાદે બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને 25 રનથી હરાવ્યું છે. 288 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી બેંગલુરૂની ટીમે  નિર્ધારિત 20 ઓવરમાં સાત વિકેટ ગુમાવીને 262 રન બનાવ્યા હતા..

પ્રથમ બેટિંગ કરતા સનરાઇઝર્સ હૈદરાબાદે નિર્ધારિત 20 ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને કુલ 287 રન બનાવ્યા હતા. ટ્રેવિસ હેડને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. આ જીત સાથે  પોઈન્ટ ટેબલમાં સનરાઈઝર્સ હૈદરાબાદ ચોથા સ્થાને પોહચ્યુ  છે. કોલકાતા નાઈટ રાઈડર્સ અને રાજસ્થાન રોયલ્સનો મુકાબલો આજે કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે થશે. મેચ આજે સાંજે સાડા  સાત વાગ્યે શરૂ થશે..

# INDIAN-SUPER-LEAGUE-2023-24.rtf

ઈન્ડિયન સુપર લીગ ફૂટબોલ સ્પર્ધામાં  મોહન બાગાન સુપર જાયન્ટ્સે કોલકાતાના સોલ્ટ લેક સ્ટેડિયમ ખાતે મુંબઈ સિટી એફસીને 2-1થી હરાવીને ખિતાબ જીતી લીધો છે.

આ સાથે મોહન બાગાને AFC ચેમ્પિયન્સ લીગ-2ના ગ્રુપ સ્ટેજ માટે પણ ક્વોલિફાય કર્યું છે. ઉપરાંત આ ટીમે ISL 2023-24માં 22 મેચમાંથી 48 પોઈન્ટ હાંસલ કર્યા છે જ્યારે મુંબઈ સિટી માત્ર એક પોઈન્ટ પાછળ છે..

# CHESS CANDIDATES

ચેસમાં, ભારતના ડી. ગુકેશ કેનેડાના ટોરોન્ટોમાં રમાઈ રહેલ આંતરરાષ્ટ્રીય ચેસ સંગઠનની FIDE કેન્ડિડેટસ્ 2024 ટુર્નામેંટના 10માં રાઉન્ડમાં ટોચ પર રહ્યા છે. દરમિયાન, વિદિત ગુજરાતી અને આર પ્રજ્ઞાનન્ધા મેચ ડ્રો થઈ હતી. ઈવેન્ટમાં માત્ર ચાર ગેમ બાકી છે ત્યારે 18 વર્ષીય પ્રજ્ઞાનન્ધા ટુર્નામેન્ટ લીડર્સથી માત્ર અડધો પોઈન્ટ પાછળ છે..